## કાયદાની ઐસી-તૈસી

# ચિલોડાથી દહેગામ જતી સરકારી એસ.ટી. બસના છાપરે બેસી મુસાફરી કરતા મુસાફરો

### અધ રસ્તે બસ ઉભી રાખી ભાડાનું ઉઘરાણું કર્યુ

ચિલોડા, તા.૧૪

ગાંધીનગરના પાદરે આવેલું એકમાત્ર જંકશન મથક ચિલોડા મોટા સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીંયાથી લગભગ પરપ્રાંતિય રાજયોમાં જવા આવવાનું કે મુસાફરી કરવાનું સૌથી મોખરાનું સ્થાન ગણાય છે. અમદાવાદ-ગાંધીનગર દહેગામ-હિંમતનગર-કપડવંજ-ખેડા વગેરે સ્થળોએ જવા માટે સરળ માર્ગ અને પીક અપસ્ટેન્ડની મોકળાશનું સ્થળ જવાના માર્ગ પર મોડી રાત્રે માનવ મહેરામણ ઉમટી પડતાં વાહનોની લાંબી કતાર નજરે પડે છે. આમ હાલમાં હોળી-ધુળેટી પર્વને ધામધૂમથી ઉજવવા રાજસ્થાની ઉત્સવ પ્રેમીઓ પરિવારોથી ચિલોડા સર્કલે ઘોડાપુરના દશ્યો અને ખાનગી વાહનોને લીધે લોકમેળો ભરાતા લકઝરી બસોની ભારે બોલબાલા પ્રવર્તતા જાનના જોખમે મુસાફરો છાપરે બેસી કાયદાની ઐસી-તૈસીથી લોકોમાં તરહતરહની ચર્ચા વેગ પકડી રહી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

એટલે ચિલોડા ચોકડી. હોળી ધુળેટીના પર્વની ઉજવણીના દિવસો આવતા રાજસ્થાન અને ડુંગરપુરના પરપ્રાંતિય લોકો માદરે વતન જવા ચિલોડા મોટા સર્કલ પાસે મોડી રાત્રે આવીને લકઝરી બસોની રાહ જોતાં માનવ મહેરમણ અંધારપટ ધરાવતું સર્કલ પાસે ડિવાઈડર અને ફૂટપાથ પર પડાવ નાખી પરિવારો હોળી પર્વ મનાવવા બસની છત પર બેસીને વતનની વાટે પ્રયાણ કરી રહ્યા છે. આ સર્કલ પાસે હિંમતનગર છે. આખે આખા ઊંટ નીકળે અને બકરું ફસાઈ જાય તેવી સ્થિતિમાં લોકોમાં કાયદા-નિયમોની વિશ્વસનીયતા પર કેટલો ભરોસો રાખવો તે ગંભીર સવાલ ગણી શકાય.

ચિલોડાથી દહેગામ તરફ જતી કપડવંજ બસના છાપરે બેસાડી નિયમનો ભંગ કરતા એસ.ટી. ડ્રાઈવરો અને કડંકટરો અધ રસ્તે બસ ઉભી રાખી છાપરે ચડી ભાડું ઉઘરાવવાની રીત કેટલે અંશે વ્યાજબી છે?

## ઝુંડાલ-ત્રિમંદિર માર્ગ પર

# બેફામ જતી ટ્રકે બાઈકને અડફેટે લેતા બે નાં મૃત્યુ

### ઘટના સ્થળે જ ટ્રક મુકીને ચાલક ફરાર થઈ ગયો : અમદાવાદના બંને યુવકોના સ્થળ પર મૃત્યુ થયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક ઝુંડાલથી ત્રીમંદિર જતા માર્ગ પર પસાર થઈ રહેલા બાઈકને બેફામ ગતિએ નીકળેલા ટ્રકે અડફેટે લઈ લેતા બાઈક સાથે ફંગોળાઈને તેમાં સવાર બંને અમદાવાદના યુવાનો રોડ પર પટકાયા હતાં. ગંભીર ઈજાઓ થતા બંને યુવાનોના ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતાં. આ ઘટના બાદ ટ્રક મુકીને આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલા જવાહરનગર ખાતે રહેતા ૩૦ વર્ષીય લક્ષ્મણજી માલાજી રાંગી સાબરમતી પાવર હાઉસ સામે અમદાવાદ રહેતા તેમના ૨૫ વર્ષીય મિત્ર કૈલાસ વજાજી મોલારશા (મારવાડી)ને બાઈક પાછળ બેસાડીને ગાંધીનગર નજીકના ઝુંડાલથી ત્રિમંદિર તરફના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સડસડાટ નીકળેલી ટ્રક નં. જીજે-૧ એ.ટી. ૫૯૯૬ના ચાલકે બાઈકને જબરદસ્ત ટકકર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ઘટના સ્થળ પર જ બાઈક પર સવાર બંને અમદાવાદના યુવાન મિત્રોના ગંભીર ઈજાઓને કારણે પ્રાણ પંખેરું ઉડી ગયા હતાં. અકસ્માત બાદ ટ્રક મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ કે.બી. રાણાવતે વધુ તપાસ શરુ કરી છે.

# કેનેડાના વિઝાને બહાને થયેલા કૌભાંડની તપાસ એલસીબીને સોંપવા માંગ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સેકટર-૧૬ ખાતે સ્થિત ઓમ ઈમીગ્રેશનના છ શખ્સોએ મળીને કેનેડામાં કાયમી વિઝા અપાવવાના બહાને દશથી વધુ લોકોના મળીને કરોડો રૂપિયાનો ચુનો ચોપડ્યો હોવાની પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. આ ફરીયાદને અઠવાડીયુ થવા આવ્યું છતાં પોલીસ આરોપીઓને પકડતી ન હોવાના આક્ષેપ સાથે ફરીયાદીએ રેન્જ ડીઆઈજીપીને સમગ્ર કૌભાંડની તપાસ એલસીબીને સોંપવા રજુઆત કરી છે.

ઓમ ઈમીગ્રેશન સેકટર-૧૬ના છ શખ્સોએ મળીને ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને ટાર્ગેટ બનાવી કેનેડાના કાયમી વિઝા અપાવી દેવાની લાલચ આપી દરેક વ્યક્તિ પાસેથી ૧૦ લાખથી માંડીને રૂ. ૨૦ લાખ સુધી ખંખેરી લીધા હોવાનું ખુલ્યુ છે. આવા દશેક લોકો તો પોલીસ સુધી છેતરાયા હોવાની ફરીયાદ સાથે પહોંચી પણ ગયા છે. આ કૌભાંડમાં કરોડો રૂપિયા લોકોના ગયા હોવાનું જણાતા ફરીયાદીએ ગાંધીનગર રેન્જ ડીઆઈજીપીને સમગ્ર કૌભાંડની તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને સોંપવા માટે લેખીત રજૂઆત કરી છે. સ્થાનિક પોલીસ તપાસમાં ઢીલી નીતિ અપનાવતા હોવાનો તથા હજુ સુધી આરોપીઓને પકડતા ન હોવાનો આક્ષેપ પણ રેન્જ ડીઆઈજીપી સામે કર્યો હતો.

# ગેરેજમાં સર્વિસ કરાવવા મુકેલું ડમ્પર ચોરાઈ ગયું...!

ચિલોડા, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા હિંમતનગર હાઈવે પર શ્રીનાથ ગેરેજમાંથી આઈવા ડમ્પરના માલિક પ્રાંતિયા ગામે રહેતા અનિલભાઈ રઘુભાઈ દેસાઈનું ડમ્પર નંબર જીજે-૧-બી.વી. ૨૩૧૨ તા ૧૭-૩-૨૦૧૪ના રોજ રીપેરીંગ માટે ગેરેજમાં મુકયું હતું. રાત્રી દરમિયાન કોઈ શખ્સો ડમ્પરની ચોરી કરી ગયા હતા. આ ચોરી અંગેની જાણ ડમ્પર માલિક અનિલભાઈ દેસાઈ અને ગેરેજ માલિકને થતાં શોધખોળની કાર્યવાહી હાથ ધરી હતી. તેમ છતાં રૂ. ૭,૦૦,૦૦૦ની કિંમતના ડમ્પરનો કોઈ પત્તો લાગતાં શખ્સો આ ડમ્પરને ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરી ચોરી ગયા હોવાનું જાણવા મળે છે. આ મામલે અનિલભાઈ દેસાઈ ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે પહોંચીને ડમ્પરની ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.



યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા છેલ્લા ઘણા સમયથી સેવાનું કાર્ય ચાલી રહ્યું છે. દર ગુરૂવારે સે. ૭ ખાતે ૬/૭ બસસ્ટોપ નજીક લગભગ ૫૦૦ વ્યક્તિ ખાઈ શકે તે રીતે ખીચડી આપવામાં આવે છે. સાથે છાશ અને પ્રસાદ પણ નાના ભુલકાઓને અપાય છે. બાજુમાં જ ફીઝીયોથેરાપી સેન્ટર ખાતે દર્દીઓને સારવાર પણ અપાય છે. જેને સેવા કરવી છે તેને કયારે કશી અડચણ આવતી નથી. ફક્ત મક્કમ ઈરાદો હોવો જોઈએ. ધન્ય છે આ સંસ્થાના સંચાલકો અને દાતાઓને... (તસવીર : કશ્યપ નિમાવત)



આપણું નગર સુશીક્ષીત અને સંસ્કારી કહેવાય, પણ જ્યારે વિદ્યાર્થીઓ જ સંસ્કારો નેવે મુકી દે ત્યારે ખુબ દુઃખ થાય. ગઈકાલે ગાંધીનગર ટાઉનહોલ ખાતે બે શીફટમાં સરકારી વાણીજય કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. કોલેજમાં વિદ્યાર્થીઓને આઈ કાર્ડ પર પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો. વ્યવસ્થાના ભાગરૂપે જેથી કરી શાંતીથી કાર્યક્રમ યોજાઈ જાય. પરંતુ આમ કરવા છતાં હોલની અંદર સીટીઓ-ચીચીયારીઓનું ભરપુર સામ્રાજ્ય હતું.

## આજે મફત આર્યુવેદિક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ઓમ સાઈરામ આર્યુવેદિક પંચકર્મ સેકટર-૨૦ દ્વારા દર શનિવારે મફક આર્યુવેદિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં ચામડીને લગતા ખીલ, સોરાયસીસ, ખરજવું, શીતળા જેવા રોગોનું નિદાન કરવામાં આવશે. કેમ્પ ઓમ સાઈરામ આર્યુવેદિક પંચકર્મ કિલનીક, સાબર ટ્રાવેલ્સ નીચે સેકટર-૨૦ ખાતે સવારે ૯ થી ૧૨ સુધી યોજાશે. કેમ્પમાં નગરજનોને મોટી સંખ્યામાં લાભ લેવા જણાવાયું છે.

# ગુજકેટ-૨૦૧૪ પરીક્ષા ૮મી મેના દિવસે યોજાશે

### મેડિકલના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફરજીયાત ગણાતી પરીક્ષા તારીખ પાછી ઠેલવવામાં આવતા તર્કવિતર્કો શરૂ

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૩૦મી એપ્રિલના રોજ યોજાવાનું છે. જેને ધ્યાનમાં રાખીને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ફરજીયાત મનાતી ગુજકેટની પરીક્ષાના તારીખ પાછી ઠેલવવામાં આવી છે. જેથી હવે ગુજકેટની પરીક્ષા ૮મી મેના રોજ લેવામાં આવશે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજકેટની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં વિલંબ બાદ અંતે શિક્ષણ બોર્ડે ૨૭ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષા લેવાનું નક્કી કર્યું હતું. પરંતુ ત્યારબાદ રાષ્ટ્રીય ચૂંટણીપંચ દ્વારા દેશમાં લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી. જેમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભાની બેઠકો માટે ૩૦મી એપ્રિલના રોજ મતદાન યોજવાની જાહેરાત કરાઈ છે જેના કારણે ગુજકેટની પરીક્ષામાં અવરોધ ઉત્પન્ન ન થાય તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા પાછી ઠેલવામાં આવી છે જે મુજબ હવે ગુજકેટની પરીક્ષા ૨૭ એપ્રિલની જગ્યાએ ૮મી મેના રોજ યોજવામાં આવશે. આ પરીક્ષાની માહિતી પુસ્તિકા અને ઓનલાઈન આવેદનપત્ર ભરવાની પીનનું વિતરણ રાજ્યના ૪૨ કેન્દ્રો પરથી તારીખ ૩૧ માર્ચ ૨૦૧૪ના રોજ કરવામાં આવશે. રૂપિયા ૨૫૦નો ડીમાન્ડ ડ્રાફ્ટ રજુ કરીને વિદ્યાર્થીઓ પીન નંબર મેળવી શકશે. જ્યારે ગુજકેટની પરીક્ષા માટેના આવેદન પત્રો ૩૧મી માર્ચથી ભરી શકાશે જેની છેલ્લી તારીખ ૧૫ એપ્રિલ નક્કી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગુજકેટની પરીક્ષાના માહિતી પુસ્તિકા અને પીન નંબરનું વિતરણ સુરત, રાજકોટ, ગાંધીનગર અને વડોદરા મુકામે નિયત કરેલા કેન્દ્રો પર ૧૫ એપ્રિલ સુધી કરવામાં આવશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

# ચિલોડા સર્કલે રોહતક થી ગાંધીનગર યુવાન સાયકલયાત્રીનું સ્વાગત

ચિલોડા, તા.૧૪

કરિશ્માતી નેતા પ્રત્યે આકર્ષણ શકિત-ગુજરાતના નાથ સમા વિકાસપુરુષ પ્રત્યે અદભૂત આકર્ષણ કે બીજું શું? લોકસભાની સામાન્ય ચૂંટણી નજીક આવી રહી છે ગુજરાતના પાટનગર ગાંધીનગરથી દેશના પાટનગર તરફ મહત્વાકાંક્ષી દોડ રેસ ચાલી રહી છે. જેમાં સહભાગી બનવા યુવાનોમાં વધુ થનગનાટ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ચૂંટણી વ્યુહ રચના ઉમેદવારોની પસંદગીનો દોર આરંભાઈ ચુકયો છે ત્યારે યુવાનો રાજકીય રંગ-રાગમાં લોકશાહીના પર્વને વધામણા કરવા કંઈક અનેરા રંગથી રંગાઈ રહ્યા છે. રાજકીય પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવારમાં કરિશ્માતી નેતાના દર્શનથી યુવાનોના હૈયે જોમ જુસ્સો હૈયે ધબકવા લાગ્યો છે. પરિણામે પ્રભાવશાળી નેતા પ્રત્યેના લગાવથી જેમ દેવ દેવીની માનતા-બાધા કરવા જતાં ભકતજનો હાથમાં ધજા અને પદયાત્રા કરી મહત્વાકાંક્ષા પૂર્ણ કરે તેવી રાજકીય લગનીથી રંગાયેલા યુવાન નવીનનાંદલ રહે. રોહતકથી દિલ્હી, હરિદ્વાર અને ગાંધીનગર તરફ સાયકલ લઈને પોતાની આગવી અને ઊંડી શ્રધ્ધા પૂર્ણ કરવા માથે કેસરી ટોપી અને સાયકલ પર રાજકીય પક્ષના પ્રતિક સમા કમળને ખીલવવા સાયકલ પર એકલા અટુલા ૧૪૨૫ કિ.મી અંતર કાપી ઉમ્મીદ સાથે નવો રાહ ચીંધવા દોડી રહ્યા છે. શાબાશ-સાયકલવીર-લોકશાહીના પ્રહરીને લાખ-લાખ સલામ.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૦.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૦ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦
શાદી કે સાઈડ ઈફેકટસ : ૨.૪૦, ૮.૧૦
: સ્કીન-૨ :
ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૩ :
બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
: સ્કીન-૪ :
બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦
: સ્કીન-૨ :
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦
: સ્કીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
બેવકૂફિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ડબ્લુય : ૧૦.૪૫, ૧૦.૦૦
ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૭.૦૦
નેબર્સ : ૪.૧૫
: સ્કીન-૩ :
નેબર્સ : ૧૦.૧૫, ૯.૦૦
ડબલ્યુ : ૧૨.૩૦, ૬.૦૦
ગુલાબ ગેન્ગ : ૩.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'વાહ ગુરુ' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબીજનો સાથે મતભેદ ઉકેલાશે.

**મિથુન** : ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. વ્યપાર-રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠામાં વધારો થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું.

## ચિરવિદાય

- સ્વ. ભાનુપ્રસાદ મૂળદાસ શુકલ (ઉ.વ. ૬૦) સેકટર-૧ ઉના કાચાં છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ભાવાભાઈ દિનઘાભાઈ ઠાકોર (ઉ.વ. ૭૦) જી.ઈ.બી. છાપરાં, ચરેડી રોડ, ગાંધીનગર.